सत्यमेव जयते

| | |
|---|---|
| દાખલ તારીખ : | ૦૫–૦૮–૨૦૨૩ |
| રજી. તારીખ : | ૦૫–૦૮–૨૦૨૩ |
| ફેસલ તારીખ : | ૨૯ – ૧૧ – ૨૦૨૪ |

**ભરૂચનાં આઠમાં એડી. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની કોર્ટમાં, ભરૂચ.**

**ફોજદારી કેસ નં.૫૧૪૭/૨૦૨૩**

**આંક: ૨૬**

**ફરીયાદી:–** શ્રી સ ર કા ર.

**વિરુધ્ધ**

**આરોપી:–** (૧) દેવ ઉર્ફે ગદો પ્રવિણભાઈ મકવાણા
રહે.અંબાજી મંદિર પાસે, સ્મશાન રોડ,
દાંડીયા બજાર,તા.જી. ભરૂચ

**ગુનો:– પ્રોહી.એ.ક.૬૫(એ)(ઈ), ૧૧૬(બી) મુજબ.**

---

**ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી એચ.એસ.નિનામા**
**આરોપી તર્ફે વિ.વકીલશ્રી એમ.ડી.પરમાર**

---

**:: ચૂ કા દો ::**

(૧) ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવા પ્રકારની છે કે, આ કામના આરોપીએ તા. ૧૮/૦૩/૨૦૨૩ ના રોજ ૮:૩૦ થી ૧૦:૩૦ દરમ્યાન ભરૂચ તરફ નર્મદા નદી કીનારે દશ્વામેઘ સ્મશાન ઘાટ નજીક નદીના પટમાં આવેલ બાવળની ઝાડીમાં ડીએસપી બ્લેલ ડિલક્ષ વ્હિસ્કીના બોક્ષ નંગ–૨ જે દરેક બોક્ષમાં ૭૫૦ મીલીની કંપની શીલબંધ બોટલ નંગ–૧૨ લેખે કુલ બોટલ નંગ–૨૪ જેના ઉપર અંગ્રેજીમાં મેનુફેકચર્ડ એન્ડ

માર્કેટેડ બાય યુનાઈટેડ સ્પીરીટ લી. યુનિટ–૧ પરમોરી ડી. નાસીક, મહારાષ્ટ્ર ફોર સેલ ઈન મહારાષ્ટ્ર ઓન્લી જેનો બી નં. ૧૨૦૧/એલ–૬/એ તા. ૮/૩/૨૦૨૩ લખેલ છે જે બોટલોની કિંમત રૂા. ૯,૪૮૦/–, ડીએસપી બ્લેલ ડિલક્ષ વ્હિસ્કીના બોક્ષ નંગ–૨ જે દરેક બોક્ષમાં ૩૭૫ મીલીની કંપની શીલબંધ બોટલ નંગ–૨૪ લેખે કુલ બોટલ નંગ–૪૮ મળી આવેલ જેના ઉપર અંગ્રેજીમાં મેનુફેકચર્ડ એન્ડ માર્કેટેડ બાય યુનાઈટેડ સ્પીરીટ લી. યુનિટ ઔરંગાબાદ ચિકલથાના ઔરંગાબાદ,મહારાષ્ટ્ર ફોર સેલ ઈન મહારાષ્ટ્ર ઓન્લી જેનો બી નં. ૧૫૩૫૨/એલ૧/બી તા. ૪/૩/૨૦૨૩ લખેલ છે જે એક બોટલની કિંમત રૂા. ૨૦૦/– લેખે બોટલ નંગ–૪૮ કિંમત રૂપિયા ૯૬૦૦/–, પેટ બોટલ ૮ પીએમ સ્પેશીયલ વ્હિસ્કી બોક્ષ નંગ–૨ જે દરેક બોક્ષમાં ૧૮૦ મી.લી.ની કંપની શીલબંધ પ્લાસ્ટીક બોટલ નંગ–૪૮ લેખે બોટલ નંગ–૯૬ જેના ઉપર અંગ્રેજીમાં મેન્યુફેકચર્ડ બાય રેડીકો એન.વી ડીસ્ટલરીઝ મહારાષ્ટ્ર લી. રીગાર્ડ ઓફીસ એન્ડ વર્ક ડી ૧૯૨–૧૯૫ એમઆઈડીસી શેહન્દ્રા ફાઈવ સ્ટાર ઈન્ડસ્ટ્રીયલ એરીયા ઔરંગાબાદ મહારાષ્ટ્રા, ફોર સેલ ઈન મહારાષ્ટ્રા ઓન્લી જેનો બી નં. ૮૮૩ એમએઆર–૨૩ લખેલ છે જે એક પ્લાસ્ટીકની બોટલની કિં.રૂા. ૧૦૦/– લેખે બોટલ નંગ–૯૬ કિં. રૂા. ૯૬૦૦/–, સફેદ કલરની મીણીયા થેલીમાં ઈન્ડીયન ગોલ્ડ વોડકા ૧૮૦ પ્લાસ્ટીકની છુટટી બોટલ નંગ–૪૮ જેના ઉપર અંગ્રેજીમાં મેન્યુફેકચર્ડ બાય વિષ્ણુ લક્ષ્મી કો.ઓ.ગ્રેપ ડીસ્ટલરીય લી. બી–૧ એમઆઈડીસી અકકલકોટ રોડ સોલાપુર મહારાષ્ટ્રા, ફોર સેલ ઈન મહારાષ્ટ્રા ઓન્લી જેનો બી નં. ૨૭૨ ૩/૨૩ લખેલ છે જે એક પ્લાસ્ટીકની વોડકા બોટલની કિંમત રૂપિયા ૧૦૦/– લેખે બોટલ નંગ–૪૮ કિ.રૂા. ૪૮૦૦/– મળી કુલ્લે રૂપિયા ૩૩,૪૮૦/– ની મત્તાનો મુદદામાલ વેચાણ કરવાના ઈરાદે કોલમ નંબર ૧૨ માં જણાવેલ આરોપી પાસેથી મંગાવી ઉપરોકત જગ્યાએ સંતાડી રાખી, ઘી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ: ૬૫(એ)(ઈ), ૧૧૬(બી) મુજબનો ગુન્હો કરેલ હોઈ, તે અંગેની ફરિયાદ ફરિયાદી ઘ્વારા આપવામાં આવેલી. ત્યારબાદ સદર ગુન્હાની તપાસ ત.ક.અમલદારને સોંપવામાં આવેલ.

(૨) આ કામના તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આ કામના આરોપી વિરૂઘ્ધ ચાર્જશીટ કરતાં, આરોપીઓને હાજર રહેવા સારૂ સમન્સ કાઢવામાં આવતા, આરોપીને સમન્સ બજતાં, આરોપી નામ.કોર્ટમાં હાજર રહેલ અને ત્યારબાદ

આરોપીઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ મુજબ વિના મુલ્યે મળવાપાત્ર તપાસના કાગળોની નકલ આપવામાં આવેલી. ત્યારબાદ આરોપીઓ સામે આંક–૪ થી તહોતમનામું ફરમાવી આરોપીની આંક–૫ થી ૧૧૫ ની પ્લી લેવામાં આવેલ. જેમાં આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરતાં, સદર ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલી.

(૩) આ કામમાં ફરિયાદપક્ષે તેમનો કેસ સાબિત કરવા માટે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**–:: મૌખિક પુરાવો તથા દસ્તાવેજી પુરાવો ::–**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૧ | પંચસાહેદ રહીમભાઈ ઈબ્રાહીમભાઈ ગરાસીયાની જુબાની |
| ૨ | ૧૨ | પંચનામુ |
| ૩ | ૧૩ | પંચસાહેદ પ્રકાશભાઈ કિશોરચંદ્ર ગોહીલની જુબાની |
| ૪ | ૧૪ | ફરીયાદી હિતેશભાઈ વસાવાની જુબાની |
| ૫ | ૧૫ | ફરીયાદ |
| ૬ | ૧૭ | પોલીસ સાહેદ એ.એસ.આઈ. અજયભાઈ સોમાભાઈની જુબાની |
| ૭ | ૧૮ | પોલીસ સાહેદ અરૂણાબેન મનહરલાલની જુબાની |
| ૮ | ૨૧ | પંચ હિંમતભાઈ માધવભાઈ પરમારની જુબની |
| ૯ | ૨૨ | પંચનામુ |
| ૧૦ | ૨૫ | ત.ક.અમલદાર પીન્ટુકુમાર જગન્નાથ સાળુકેની જુબાની |

(૪) ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીઓનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે વધારાનું નિવેદન નોંધવા લાયક પુરાવો ન હોવાથી વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૫) ફરિયાદ પક્ષ તરફે સરકારી વકીલશ્રીને તથા આરોપી તરફે વિ.વકીલશ્રીને સાંભળવામાં આવ્યા છે.

(૬) કેસની હકીકતો, દલીલ અને પુરાવા આધારે કેસના આખરી નિકાલ માટે નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-:: મુદ્દાઓ ::-**

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે કે, આ કામના આરોપીએ તા. ૧૮/૦૩/૨૦૨૩ ના રોજ ૮:૩૦ થી ૧૦:૩૦ દરમ્યાન ભરૂચ તરફ નર્મદા નદી કીનારે દશ્વામેઘ સ્મશાન ઘાટ નજીક નદીના પટમાં આવેલ બાવળની ઝાડીમાં ડીએસપી બ્લેલ ડિલક્ષ વ્હિસ્કીના બોક્ષ નંગ-૨ જે દરેક બોક્ષમાં ૭૫૦ મીલીની કંપની શીલબંધ બોટલ નંગ-૧૨ લેખે કુલ બોટલ નંગ-૨૪ જેના ઉપર અંગ્રેજીમાં મેનુફેકચર્ડ એન્ડ માર્કેટેડ બાય યુનાઈટેડ સ્પીરીટ લી. યુનિટ-૧ પરમોરી ડી. નાસીક, મહારાષ્ટ્ર ફોર સેલ ઈન મહારાષ્ટ્ર ઓન્લી જેનો બી નં. ૧૨૦૧/એલ-૬/એ તા. ૮/૩/૨૦૨૩ લખેલ છે જે બોટલોની કિંમત રૂા. ૯,૪૮૦/-, ડીએસપી બ્લેલ ડિલક્ષ વ્હિસ્કીના બોક્ષ નંગ-૨ જે દરેક બોક્ષમાં ૩૭૫ મીલીની કંપની શીલબંધ બોટલ નંગ-૨૪ લેખે કુલ બોટલ નંગ-૪૮ મળી આવેલ જેના ઉપર અંગ્રેજીમાં મેનુફેકચર્ડ એન્ડ માર્કેટેડ બાય યુનાઈટેડ સ્પીરીટ લી. યુનિટ ઔરંગાબાદ ચિકલથાના ઔરંગાબાદ,મહારાષ્ટ્ર ફોર સેલ ઈન મહારાષ્ટ્ર ઓન્લી જેનો બી નં. ૧૫૩૫૨/એલ૧/બી તા. ૪/૩/૨૦૨૩ લખેલ છે જે એક બોટલની કિંમત રૂા. ૨૦૦/- લેખે બોટલ નંગ-૪૮ કિંમત રૂપિયા ૯૬૦૦/-, પેટ બોટલ ૮ પીએમ સ્પેશીયલ વ્હિસ્કી બોક્ષ નંગ-૨ જે દરેક બોક્ષમાં ૧૮૦ મી.લી.ની કંપની શીલબંધ પ્લાસ્ટીક બોટલ નંગ-૪૮ લેખે બોટલ નંગ-૯૬ જેના ઉપર અંગ્રેજીમાં મેન્યુફેકચર્ડ બાય રેડીકો એન.વી ડીસ્ટલરીઝ મહારાષ્ટ્ર લી. રીગાર્ડ ઓફીસ એન્ડ વર્ક ડી ૧૯૨-૧૯૫ એમઆઈડીસી શેહન્દ્રા ફાઈવ સ્ટાર ઈન્ડસ્ટ્રીયલ એરીયા ઔરંગાબાદ મહારાષ્ટ્રા, ફોર સેલ ઈન મહારાષ્ટ્રા ઓન્લી જેનો બી નં. ૮૮૩ એમએઆર-૨૩ લખેલ છે જે એક પ્લાસ્ટીકની બોટલની કિં.રૂા.

૧૦૦/– લેખે બોટલ નંગ–૯૬ કિં. રૂા. ૯૬૦૦/–, સફેદ કલરની મીણીયા થેલીમાં ઈન્ડીયન ગોલ્ડ વોડકા ૧૮૦ પ્લાસ્ટીકની છુટટી બોટલ નંગ–૪૮ જેના ઉપર અંગ્રેજીમાં મેન્યુફેકચર્ડ બાય વિષ્ણુ લક્ષ્મી કો.ઓ.ગ્ર ેપ ડીસ્ટલરીચ લી. બી–૧ એમઆઈડીસી અકકલકોટ રોડ સોલાપુર મહારાષ્ટ્રા, ફોર સેલ ઈન મહારાષ્ટ્રા ઓન્લી જેનો બી નં. ર૭ર ૩/ર૩ લખેલ છે જે એક પ્લાસ્ટીકની વોડકા બોટલની કિંમત રૂપિયા ૧ ૦૦/– લેખે બોટલ નંગ–૪૮ કિ.રૂા. ૪૮૦૦/– મળી કુલ્લે રૂપિયા ૩૩,૪૮૦/– ની મત્તાનો મુદદામાલ વેચાણ કરવાના ઈરાદે કોલમ નંબર ૧ર માં જણાવેલ આરોપી પાસેથી મંગાવી ઉપરોકત જગ્યાએ સંતાડી રાખી, ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ:૬પ (એ)(ઈ), ૧૧ ૬(બી) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે ?

(ર) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(ર) આખરી હુકમ મુજબ.

**<u>–:: કા ર ણો ::–</u>**

**<u>મુદ્દા નં.૧ :–</u>**

**(૮)** આ કામમાં આંક–૧૧ થી પંચસાહેદ રહીમભાઈ ઈબ્રાહીમભાઈ ગરાસીયા, આંક–૧૩ થી પંચસાહેદ પ્રકાશભાઈ કિશોરચંદ્ર ગોહિલ તથા આંક–ર૧ થી પંચસાહેદ હિંમતભાઈ માઘવભાઈ પરમારનાઓને સોગંદ ઉપર તપાસેલ છે. સદરહુ પંચસાહેદો આં ક–૧ર તથા આંક–રર વાળા પંચનામાના પંચસાહેદો છે. સદરહુ પંચસાહેદો પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં આંક–૧ર તથા આંક–રર ના પંચનામા પર પોતાની સહી ઓળખી બતાવે છે પરંતુ તે સિવાય પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થનકારી પુરાવો આપેલ નથી જેથી આંક–૧ર તથા આંક–રર વાળા પંચનામા ફરીયાદપક્ષના કેસને સહેજ પણ

ઉપયોગી સાબિત થતુ નથી. આમ, આંક–૧૨ તથા આંક–૨૨ વાળુ પંચનામું પંચસાહેદોની હાજરીમાં થયેલ હોય તેવુ જણાઈ આવતુ નથી અને તેથી સદર પંચનામાની હકીકત માની શકાય નહિ. કેમ કે સદર પંચનામું કઈ બાબતનુ છે તે પણ આ સાહેદને ખબર ન હતી. તેઓની ફકત પંચનામામાં સહી લેવામાં આવેલ હોવાનુ જણાય આવે છે. આમ, ફરિયાદપક્ષ આંક–૧૨ તથા આંક–૨૨ નુ પંચનામું સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોવાથી કહેવાતુ પં ચનામું ફરીયાદપક્ષના કેસે મદદરૂપ નીવડેલ નથી.

(૯) ફરિયાદપક્ષે **આંક–૧૪** થી ફરીયાદી હિતેશભાઈ વસાવાની સોગંદ ઉપર જુબાની લેવામાં આવેલ છે. તેઓએ ફરિયાદ હકીકતને અનુરૂપ જુબાની આપેલ છે કે, તા. ૧ ૮/૦૩/૨૦૨૩ ના રોજ હુ તથા અહેકો અજયભાઈ, અરૂણાબેન, શ્રીપાલસિંહ તથા પો.કો ધરમેન્દ્રસિંહ ભરૂચ શહેર વિસ્તારમાં ખાનગી વાહનમાં પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન બાતમી મળેલ કે પ્રોહી. બુટલેગર દેવ ઉર્ફે ગદો પ્રવિણભાઈ મકવાણાના રહે. લોઢવાડનો ટેકરો, ભરૂચનો ભરૂચ નર્મદા નદી કિનારે દશ્વામેઘ સ્મશાન ઘાટ નજીક બાવળની ઝાડીઓમાં ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થ સગે વગે કરે છે. જે બાતમી આધારે બં પંચોના માણસો અહેકો અજયભાઈ દાંડીયા બજાર રોડ ઉપર બોલાવી ખાનગી વાહનમાં બેસી બાતમીવાળી જગ્યાએ આવી વિદેશી દારૂ અંગે તપાસ કરતા બાવળની ઝાડીઓમાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની બોકસ નંગ–૬ તથા સફેદ મીણીયા થેલામાં પ્લાસ્ટીકની છુટી બોટલો મળી આવેલ જે પંચો રૂબરૂ ગણી લેતા નાની મોટી બોટલ નંગ–૨૧૬ જેની કિં.રૂા. ૩૩,૪૮૦/– નો મુદદામાલ કબજે કરવામાં આવેલ છે જે અંગેનુ પંચનામુ અહેકો અજયભાઈ રૂબરૂનુ કલાક ૮:૩૦ થી ૧૦:૩૦ નુ કરવામાં આવેલ છે અને રેઈડ દરમ્યાન હાજર નહી મળી આવેલ દેવ ઉર્ફે ગદો પ્રવિણભાઈ મકવાણા રહે. લોઢવાડનો ટેકરો, ભરૂચનાઓ વિરૂધ્ધ અમોએ ભરૂચ એ ડીવીઝન પોલીસ સ્ટેશન પ્રોહી. એકટ કલમ– ૬૫ એ ઈ, ૧૧૬(બી) જે ફરીયાદ આપેલ છે. જે ફરીયાદ આંક–૧૫ થી રજુ રાખેલ છે.

ત્યારબાદ બચાવપક્ષ તરફે ઉલટતપાસ કરવામાં આવેલ જેમાં સાહેદ એ હકીકતો ખરી હોવાનો સ્વીકાર કરેલ છે કે, કોઈપણ જગ્યાએ રેઈડ કરતા અગાઉ

પ્રાથમિક પંચનામુ કરવાનુ હોય છે. સદર ગુના કામે પ્રાથમિક પંચનામુ કરેલ નથી. બાતમી કોને મળેલ તે મારી ફરીયાદમાં લખાવેલ નથી. બાતમી મળ્યા પછી કેટલા કઈ ગાડીમાં નીકળેલા અને કેટલા વાગે બનાવ સ્થળે પહોંચ્યા તે મારી ફરીયાદમાં લખાવેલ નથી. બનાવવાળો વસ્તીવાળો વિસ્તાર વાહનોની અવર જવર વસ્તીવાળો છે. બનાવવાળુ સ્થળ પાસે પંચો તથા સાહેદો સહેલાઈથી મળી શકે. સદર કામના પંચો બનાવવાળી જગ્યાએથી ચાર કી.મી. ના અંતરે રહે છે. આરોપી બનાવના સ્થળે હાજર હોય અને તેના અંગ કબજામાં થી ઉપરોકત મુદદામાલ કબજે કરેલ હોય તેવુ બનેલ નથી.

**(૯.૧)** ફરિયાદપક્ષે **આંક-૧૭** થી પોલીસ સાહેદ એ.એસ.આઈ. અજયભાઈ સોમાભાઈની સોગંદ ઉપર જુબાની લેવામાં આવેલ છે. તેઓએ ફરિયાદ હકીકતને અનુરૂપ જુબાની આપેલ છે કે, તા. ૧૮/૦૩/૨૦૨૩ ના રોજ હુ તથા અહેકો હિતેશભાઈ, અરૂણાબેન, શ્રીપાલસિંહ તથા પો.કો ધરમેન્દ્રસિંહ ભરૂચ શહેર વિસ્તારમાં ખાનગી વાહનમાં પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન બાતમી મળેલ કે પ્રોહી. બુટલેગર દેવ ઉર્ફે ગદો પ્રવિણભાઈ મકવાણાના રહે. લોઢવાડનો ટેકરો, ભરૂચનો ભરૂચ નર્મદા નદી કિનારે દશ્વામેઘ સ્મશાન ઘાટ નજીક બાવળની ઝાડીઓમાં ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થ સગે વગે કરે છે. જે બાતમી આધારે બં પંચોના માણસો અહેકો અજયભાઈ દાં ડીયા બજાર રોડ ઉપર બોલાવી ખાનગી વાહનમાં બેસી બાતમીવાળી જગ્યાએ આવી વિદેશી દારૂ અંગે તપાસ કરતા બાવળની ઝાડીઓમાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની બોકસ નંગ-૬ તથા સફેદ મીણીયા થેલામાં પ્લાસ્ટીકની છુટી બોટલો મળી આવેલ જે પંચો રૂબરૂ ગણી લેતા નાની મોટી બોટલ નંગ-૨૧૬ જેની કિં.રૂા. ૩૩,૪૮૦/- નો મુદદામાલ કબજે કરવામાં આવેલ છે જે અંગેનુ પંચનામુ અહેકો અજયભાઈ રૂબરૂનુ કલાક ૮:૩૦ થી ૧૦:૩૦ નુ કરવામાં આવેલ છે અને રેઈડ દરમ્યાન હાજર નહી મળી આવેલ દેવ ઉર્ફે ગદો પ્રવિણભાઈ મકવાણા રહે. લોઢવાડનો ટેકરો, ભરૂચનાઓ વિરૂધ્ધ હિતેશભાઈએ ભરૂચ એ ડીવીઝન પોલીસ સ્ટેશન પ્રોહી. એકટ કલમ- ૬૫ એ ઈ, ૧૧૬(બી) જે ફરીયાદ આપેલ છે.

ત્યારબાદ બચાવપક્ષ તરફે ઉલટતપાસ કરવામાં આવેલ જેમાં સાહેદ એ હકીકતો ખરી હોવાનો સ્વીકાર કરેલ છે કે, કોઈપણ જગ્યાએ રેઈડ કરતા અગાઉ

પ્રાથમિક પંચનામુ કરવાનુ હોય છે. સદર ગુના કામે પ્રાથમિક પંચનામુ કરેલ નથી. બાતમી કોને મળેલ તે મારી ફરીયાદમાં લખાવેલ નથી. બાતમી મળ્યા પછી કેટલા કઈ ગાડીમાં નીકળેલા અને કેટલા વાગે બનાવ સ્થળે પહોંચ્યા તે મારી ફરીયાદમાં લખાવેલ નથી. બનાવવાળો વસ્તીવાળો વિસ્તાર વાહનોની અવર જવર વસ્તીવાળો છે. બનાવવાળુ સ્થળ પાસે પંચો તથા સાહેદો સહેલાઈથી મળી શકે. સદર કામના પંચો બનાવવાળી જગ્યાએથી ચાર કી.મી. ના અંતરે રહે છે. આરોપી બનાવના સ્થળે હાજર હોય અને તેના અંગ કબજામાં થી ઉપરોકત મુદદામાલ કબજે કરેલ હોય તેવુ બનેલ નથી.

**(૯.૨)** ફરિયાદપક્ષે **આંક–૧૮** થી પોલીસ સાહેદ અ.હે.કો. અરૂણાબેન મનહરલાલની સોગંદ ઉપર જુબાની લેવામાં આવેલ છે. તેઓએ ફરિયાદ હકીકતને અનુરૂપ જુબાની આપેલ છે કે, તા. ૧૮/૦૩/૨૦૨૩ ના રોજ હુ ભરૂચ એલસીબી પોલીસ સ્ટેશનમાં હ હેડ કોન્સ્ટેબલ તરીકે હું તથા અહેકો અજયભાઈ, શ્રીપાલસિંહ તથા પો.કો ધરમેન્દ્રસિંહ ભરૂચ શહેર વિસ્તારમાં ખાનગી વાહનમાં પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન બાતમી મળેલ કે પ્ર ોહી. બુટલેગર દેવ ઉર્ફે ગદો પ્રવિણભાઈ મકવાણાના રહે. લોઢવાડનો ટેકરો, ભરૂચનો ભરૂચ નર્મદા નદી કિનારે દશ્વામેઘ સ્મશાન ઘાટ નજીક બાવળની ઝાડીઓમાં ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થ સગે વગે કરે છે. જે બાતમી આધારે બં પંચોના માણસો અહેકો અજયભાઈ દાંડીયા બજાર રોડ ઉપર બોલાવી ખાનગી વાહનમાં બેસી બાતમીવાળી જગ્યાએ આવી વિદેશી દારૂ અંગે તપાસ કરતા બાવળની ઝાડીઓમાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની બોકસ નંગ–૬ તથા સફેદ મીણીયા થેલામાં પ્લાસ્ટીકની છુટી બોટલો મળી આવેલ જે પંચો રૂબરૂ ગણી લેતા નાની મોટી બોટલ નંગ–૨૧૬ જેની કિં.રૂા. ૩૩,૪૮૦/– નો મુદદામાલ કબજે કરવામાં આવેલ છે જે અંગેનુ પં ચનામુ અહેકો અજયભાઈ રૂબરૂનુ કલાક ૮:૩૦ થી ૧૦:૩૦ નુ કરવામાં આવેલ છે અને રેઈડ દરમ્યાન હાજર નહી મળી આવેલ દેવ ઉર્ફે ગદો પ્રવિણભાઈ મકવાણા રહે. લોઢવાડનો ટેકરો, ભરૂચનાઓ વિરૂધ્ધ હિતેશભાઈએ ભરૂચ એ ડીવીઝન પોલીસ સ્ટેશન પ્રોહી. એકટ કલમ– ૬૫ એ ઈ, ૧૧૬(બી) જે ફરીયાદ આપેલ છે.

ત્યારબાદ બચાવપક્ષ તરફે ઉલટતપાસ કરવામાં આવેલ જેમાં સાહેદ એ હકીકતો ખરી હોવાનો સ્વીકાર કરેલ છે કે, કોઈપણ જગ્યાએ રેઈડ કરતા અગાઉ

પ્રાથમિક પંચનામુ કરવાનુ હોય છે. સદર ગુના કામે પ્રાથમિક પંચનામુ કરેલ નથી. બાતમી કોને મળેલ તે મારી ફરીયાદમાં લખાવેલ નથી. બાતમી મળ્યા પછી કેટલા કઈ ગાડીમાં નીકળેલા અને કેટલા વાગે બનાવ સ્થળે પહોંચ્યા તે મારી ફરીયાદમાં લખાવેલ નથી. બનાવવાળો વસ્તીવાળો વિસ્તાર વાહનોની અવર જવર વસ્તીવાળો છે. બનાવવાળુ સ્થળ પાસે પંચો તથા સાહેદો સહેલાઈથી મળી શકે. સદર કામના પંચો બનાવવાળી જગ્યાએથી ચાર કી.મી. ના અંતરે રહે છે. આરોપી બનાવના સ્થળે હાજર હોય અને તેના અંગ કબજામાં થી ઉપરોકત મુદદામાલ કબજે કરેલ હોય તેવુ બનેલ નથી.

**(૯.૩)** ફરિયાદપક્ષે **આંક–૨૫** થી ત.ક.અમલદાર પીન્ટુકુમાર જગન્નાથ સાળુકેની સોગંદ ઉપર જુબાની લેવામાં આવેલ છે. તેઓએ ફરિયાદ હકીકતને અનુરૂપ જુબાની આપેલ છે કે, તા.૧૮/૦૩/૨૦૨૩ ના રોજ હું ભરૂચ શહેર "સી" ડિવી. પોલીસ સ્ટેશનમાં PSI તરીકે ફરજ બજાવતો હતો તે દિવસે અહેકો હિતેશકુમાર ફતેસિંહ એલ.સી.બી.ભરૂચ નાઓએ હાલના ગુનાના બનાવ સંબંધે ફરીયાદ આપેલી જે ફરીયાદના અનુસંધાને પી.એસ.ઓ.એ ભરૂચ એ ડિવી.પો.સ્ટે. ગુ.ર.નં.૦૩૨૦/૨૦૨૩ પ્રોહી એક્ટ કલમ ૬૫(એ)(ઇ), ૧૧૬(બી) મુજબનો ગુનો દાખલ કરેલ અને તેની આગળની તપાસ ઉપરી અધિકારીઓની સૂચનાથી ભરૂચ સી ડિવી.પો.સ્ટે.તરફ મોકલી હાલના ગુનાની તપાસ અમોને સોંપવામાં આવેલ. સદર ગુનાની ફરીયાદ જોતા જેમા એલ.સી.બી.ના પોલીસ માણસોએ નર્મદા નદી કિનારે સ્મશાન ઘાટની પાસે બાવળની ઝાડીઓમાંથી ઇંગ્લીંશ દારૂની અલગ અલગ બ્રાંડની નાની મોટી બોટલો નંગ ૨૧૬ કિ.રૂ.૩૩૪૮૦/– ની કબ્જે કરેલી અને ઇંગ્લીંશ દારૂ મંગાવનાર આરોપી દેવો ઉર્ફે ગદો પ્રવિણભાઈ મકવાણા નાઓને વોન્ટેડ જાહેર કરેલો હતો. અમોએ તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો તેમના લખાવ્યા મુજબના લખી લીધેલા. અમોએ તપાસના કામે આરોપીની તપાસ કરતા આરોપી તા.૦૭/૦૪/૨૦૨૩ ના રોજ આરોપી હાજર થતા તેને હાલના ગુનાના કામે અટક કરેલ અને તેની શરીર સ્થિતિનું પંચનામુ બે પંચોની હાજરીમાં કરેલુ. આજરોજ મને આંક ૨૨ વાળું પંચનામુ બતાવવામાં આવે છે તે તેજ પંચનામુ છે જેમા બે પંચો ની સહી છે અને રૂબરૂ તરીકે મારી સહી છે જે હું ઓળખુ છું. આરોપીને અટક કર્યા બાદ અમોએ આરોપીને સમયમર્યાદામાં નામ.કોર્ટમાં રજુ કરેલા અને આરોપીના રિમાન્ડ મેળવવાની કામગીરી કરેલી. આ ગુનાના કામે પકડાયેલ ઇગ્લિશ દારૂના જથ્થામાંથી સેમ્પલની બોટલો કાઢવામાં આવેલી જે એફ.એસ.એલ. સુરત ખાતે પ્રુથક્કરણ કરવાની કામગીરી કરેલી. સદર કામે અમોએ ચાર્જશીટ દાખલ કરેલ હોય ત્યાં સુધી તેનુ પ્રુથ્થકરણ સર્ટિ આવેલ નહી જેની નોંધ ચાર્જશીટમાં કરેલ અને આ કામના

આરોપી વિરુદ્ધ પુરતો પુરાવો જણાતો હોય નામ.કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલી.

ત્યારબાદ બચાવપક્ષ તરફે ઉલટતપાસ કરવામાં આવેલ જેમાં સાહેદ એ હકીકતો ખરી હોવાનો સ્વીકાર કરેલ છે કે, કહેવાતો મુદ્દામાલ નર્મદા નદી કિનારે દશાશ્વમેઘ સ્મશાન ઘાટ નજીક નદીના પટમાં આવેલ બાવળની ઝાડીમાંથી મળ્યો જે જગ્યાએ આરોપી હાજર હતો નહીં તેવુ તપાસમાં ખુલેલું. આરોપીની અંગઝડતી માંથી કહેવાતો મુદ્દામાલ મળ્યો હોય તેવુ બનેલ નથી. કહેવાતી બનાવવાળી જગ્યાની આજુબાજુ કોઇ સ્વતંત્ર સાહેદોના જવાબ લીધેલા નહીં. મુદ્દામાલ જે કંપની નો હતો તે કંપનીના માલિકનો કોઇ જવાબ લીધેલો નહીં. એ વાત ખરી છે કે એફ.એસ.એલ.નો રિપોર્ટ આ કામે રજુ કરેલો નથી.

(૧૦) આ કામમાં સમગ્ર પુરાવાની ચર્ચા ધ્યાને લેતા જણાઈ આવે છે કે,આ કામના ફરીયાદી તથા પોલીસ સાહેદનાઓએ પોતાની સરતપાસમાં બાતમીવાળી જગ્યાએ રેઈડ કરી મુદદામાલ કબજે કરેલ હોવાનુ જણાવે છે તથા આ કામના ત.ક.અ.નાએ પોતાની સરતપાસમાં તેઓએ કરેલ તપાસને સમર્થનકારી હકીકતો જણાવેલ છે અને તપાસ દરમ્યાન આ કામના આરોપીની અટક કરી આરોપીઓ વિરૂધ્ધ પુરતા પુરાવા જણાઈ આવતા ચાર્જશીટ દાખલ કરેલ હોવાનુ જણાવેલ છે પરંતુ, આ કામના આરોપીને સદર ગુનાના કામે સંડોવતા કયા પુરતા પુરાવા છે તેવી લેશમાત્ર હકીકત પોતાની જુબાનીમાં જણાવતા નથી. વધુમા પોલીસ સાહેદોની ઉલટતપાસ જોતાં તેઓએ સ્વીકારેલ છે કે, હાલના કામે આરોપીના કબજામાંથી પ્રોહી મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હોવા બાબતે પંચનામુ કરવામાં આવેલ હોય તેવા પં ચનામાં ફરીયાદપક્ષ તરફે રજુ કરી પુરવાર કરી શકેલા નથી કે પંચોને હાલના કામે તપાસવામાં આવેલ નથી. તેમજ હાલના કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નીવેદનો લેવામાં આવેલ નથી કે તપાસવામાં આવેલા નથી જેથી માત્ર પોલીસ સાહેદોની જુબાની પરથી પણ આ કામના આરોપીને સદર ગુનાના કામે સંડોવી શકાય નહી. વધુમાં બનાવવાળા સ્થળ પરથી કોઈ સ્વતંત્ર સાહેદો કે સ્થાનીક પંચોના માણસોના નીવેદનો લીધેલા નથી, માત્ર પોલીસ સાહેદોના નીવેદનો લેવામાં આવેલા છે જે ફરીયાદ હકીકત પર શંકા ઉપજાવે છે. વધુમાં હાલના કામે જપ્ત થયેલ મુદ્દામાલ સંબંધે એફ.એસ.એલ. સર્ટીફીકેટ રજુ થયેલ નથી જેથી કબજે કરેલ પ્રોહી. મુદ્દામાલ

નાશાવાળો કે દારૂ હોવાનું પુરવાર થઈ શકેલ નથી તેમ અત્રેની અદાલતનું માનવું છે. વધુમાં આંક–૧૧ થી પંચસાહેદ રહીમભાઈ ઈબ્રાહીમભાઈ ગરાસીયા, આંક–૧૩ થી પંચસાહેદ પ્રકાશભાઈ કિશોરચંદ્ર ગોહિલ તથા આંક–૨૧ થી પંચસાહેદ હિંમતભાઈ માધવભાઈ પરમારનાઓ આંક–૧૨ તથા આંક–૨૨ વાળા પંચનામાની હકીકતને સમર્થન કરતા નથી. જેથી આંક–૧૨ તથા આંક–૨૨ વાળા પંચનામાની હકીકતો ફરીયાદપક્ષન લેશમાત્ર ઉપયોગી નીવડતા નથી. આમ, સમગ્ર પુરાવા ધ્યાને લેતા વિસંગતતાઓ જણાઈ આવે છે, અને ફરીયાદપક્ષના પુરાવાઓમાં તૃટીઓ જણાઈ આવે છે જેનો લાભ બચાવપક્ષને જાય છે.

**(૧૧)** ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલ પુરાવાથી આરોપીઓને ગુન્હાના કામે કસુરવાર ઠરાવી શકાય તેવો પુરાવો રજુ થતો નથી. ફરિયાદ પક્ષે પોતાનો કેસ નિ:શંક પુરાવાથી સાબિત કરવો પડે. હાલના કામમાં સાહેદોની જુબાનીઓથી ફરિયાદ પક્ષના કેસને નિ:શંકપણે સમર્થન મળતુ ન હોઈ આરોપીને ગુન્હા સાથે સાંકળી કસુરવાર ઠરાવી શકાય નહી. ઉપરોકત તમામ સંજોગોમાં ફરિયાદ પક્ષ આરોપીઓ સામેનો ગુન્હો નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલા હોઈ **મુદ્દા નંબર : ૧ 'નકારમાં'** ઠરાવવામાં આવે છે અને મુદ્દા નંબર : ૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: આખરી હુકમ :: –**

(૧) આ કામના આરોપી દેવ ઉર્ફે ગદો પ્રવિણભાઈ મકવાણા, રહે. અંબાજી મંદિર પાસે, સ્મશાન રોડ, દાંડીયા બજાર,તા.જી. ભરૂચનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ:૨૪૮(૧) અન્વયે ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ:૬૫(એ)(ઈ), ૧૧૬(બી) મુજબના શિક્ષાપાત્ર ગુનાના તહોમતમાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદર કામે કબજે કરવામાં આવેલ પ્રવાહીના નમુનાનો સરકારશ્રીના નિયમ મુજબ નિયત કરેલ સમિતી રૂબરૂ અપીલ પીરીયડનો સમય પુરો થયા બાદ નાશ કરવો.

(૩) સદર કામે અન્ય મુદ્દામાલ સંદર્ભે જો વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમ રાખવો.

(૪) આરોપીએ અગાઉ જે જામીન રજુ કરેલ છે તેને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૪૩૭એ મુજબ અપીલ સમયના જામીન તરીકે ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે તથા જામીનદાર ઈચ્છે ત્યારે અદાલતને જાણ કરી જામીનમાંથી છુટા થઈ શકે છે.

**આજરોજ તારીખ: ૨૯ , માહે: નવેમ્બર, સને:૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરી વાંચી સંભળાવી જાહેર કર્યો.**

તારીખ : ૨૯ / ૧૧ / ૨૦૨૪
સ્થળ : ભરૂચ

(અંકિત કે. મહેતા)
આઠમાં એડી. જયુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ભરૂચ,
કોડ નં. જીજે૦૧૭૭૧